# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૫/૧૦/૨૦૨૫ બુધવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૧૪૪૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૫૦ લીટર દેશી દારૂ, ૭૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૩ કવાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૬ બિયર ટીન, ૦૩ સ્કુટર અને ૦૨ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૦૭ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૨૫,૦૯૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૧૪૫૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૭ વ્યક્તિઓની અને પ્રોહી ૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અટકયત તેમજ પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૧૪૫૧/૨૦૨૫**

**રામોલઃ** મનોજભાઈ પરસોત્તમભાઈ અમૃતિયા (પટેલ) (ઉ.વ.૪૫)(રહે.માધવ રેસીડેન્સી તેજેન્દ્ર પાર્ક–૨ પાછળ વિરાટનગર રોડ ઓઢવ) એ તા.૧૪/૧૦/૨૦૨૫ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૪/૨૦૨૪ થી તા.૧૪/૧૦/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન વસ્ત્રાલ મેટ્રો બ્રીજ નીચે આરોપી (૧) સાજીદઅલી ગુલામરસુલ ખોખર (રહે.ગામ: ખોખરવાડા તા:કઠલાલ જી:ખેડા) (૨) સંતોષ હંસનાથ પ્રસાદ (રહે. હરીરાજ સોસાયટી, અંબિકા ટ્યુબ સ્ટાફ ક્વાર્ટસ ભારતમાતા સોસાયટી વટવા) અને (૩) મહેશભાઈ શાંતિલાલ બારોટ (રહે.પાણીની ટાંકીની બાજુમા સિંગરવા ઓઢવ મુળ વતન:– ગામ: દેવકી, વણાસોલ તા: મહેમદાવાદ જી. ખેડા) એ ભેગામળી આરોપી સાજીદઅલી એ પોતાની ઓળખ ક્લાસવન અધિકારીની ગાડીના ડ્રાઈવર તરીકે આપી તેમના ઓળખીતા સચિવાલય ગાંધીનગર ખાતે આરોગ્ય વિભાગમા ક્લાસ વન અધિકારી હોવાનુ જણાવી દશ લાખમા સરકારી નોકરી અપાવે છે તેવી લાલચ આપી, મનોજભાઇના સંબંધી પ્રિન્સ, દિપ અને માનસીબેનને સરકારી નોકરી અપાવી દેવાનો ભરોસો આપી, સરકારી નોકરી પેટે રોકડ રૂપિયા ૧૬,૨૫,૦૦૦/– મેળવી લઇ તેમજ સાહેદ નંબર (૧) રાજકુમાર મંગુભાઇ પટેલ ને આરોગ્ય વિભાગમા એચ.આર. વર્ગ–૩ તરીકે સરકારી નોકરી અપાવવા પેટે રોકડ રૂપિયા ૧૧,૨૫,૦૦૦/– અને આર.ટી.જી.એસ થી ૩,૭૫,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧૫,૦૦,૦૦૦/– મેળવી લઇ, સાહેદ નંબર (૨) સાવનભાઇ કનૈયાલાલ પટેલ નાઓની પત્નિ કામીનીબેન પટેલને આરોગ્ય વિભાગમા એચ.આર. તરીકે સરકારી નોકરી અપાવવા પેટે રૂપિયા ૭,૦૦,૦૦૦/– અને તેમના ભાઇ હાર્દિક પટેલને સરકારી સોલા હોસ્પિટલમા જુનિયર ક્લાર્કની સરકારી નોકરી અપાવવા પેટે રૂપિયા ૭,૦૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧૪,૦૦,૦૦૦/– મેળવી લઇ, સાહેદ નંબર (૩)પટેલ દિપકકુમાર મણીલાલ (રહે.નૈયા–૧ વસ્ત્રાલ) અને તેમના ભાઇને ક્લાર્કની સરકારી નોકરી અપાવવા સારૂ રૂપિયા ૧૧,૦૦,૦૦૦/– મેળવી લઇ, સાહેદ નંબર (૪) પટેલ વિકાસકુમાર પ્રવિણભાઇ (રહે: ગામ: ત્રાસવાડ તા: વડનગર જી– મહેસાણા) ને ક્લાર્કની સરકારી નોકરી લગાવવા સારૂ રૂપિયા ૧૧,૦૦,૦૦૦/– મહેશભાઇ મારફતે ખોખર સાજીદઅલી ગુલામરસુલ નાઓએ મેળવી લઇ, સાજીદઅલી ખોખર, મહેશ બારોટ એ ગાંધીનગર સચિવાલય ખાતે આરોપી સંતોષ સાથે મળી આરોગ્ય વિભાગના એચ.આર વર્ગ–૩ વિભાગના ખોટા નિમણુક લેટરો બનાવી, તેમા આરોગ્ય વિભાગના ખોટા સિક્કાઓ મારી ખોટી સહી કરી પોસ્ટ મારફતે મોકલી આપી, તેમજ સાજીદઅલી અને મહેશભાઇ નાઓએ છોકરાઓને નોકરીએ લગાવવા માટે ઉપરના સાહેબને થોડુ પેમેન્ટ ભરવુ પડશે અને એક મહિનામાં પેમેન્ટ પરત આપી દેશે તેવો વિશ્વાસ આપી, મનોજભાઇ પટેલ પાસેથી બેન્ક મારફતે રૂપિયા ૧૫,૭૫,૦૦૦/– તથા રોકડ રૂપિયા ૨૪,૦૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૩૯,૭૫,૦૦૦/– મેળવી લઇ, જે તમામ સાહેદો અને મનોજભાઇ પટેલ પાસેથી સરકારી નોકરી અપાવવાના બહાને કુલ રૂપિયા ૧,૦૭,૦૦,૦૦૦/– મેળવી લઇ રૂપિયા પરત નહી કરી તમામ સાથે વિશ્વાસઘાત અને છેતરપિડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.પી.સાવલીયા ચલાવે છે.

**કાલુપુરઃ** અજીબુલહુસેન ઉર્ફે સદ્દામભાઇ સૈકુલઇસ્લામ શેખ (ઉ.વ.૩૩)(રહે.ઇસ્ટેન્ડેડ હાઉસ પીપળાવાળી પોળ, રાયખડ, જમાલપુર) એ તા.૧૪/૧૦/૨૦૨૫ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આરોપી કમલેશભાઇ ઉર્ફે કમલભાઇ કેશવભાઇ જાદવ (રહે.જલતરંગ સોસાયટી, વેજલપુર) નાઓની સહજાનંદ માર્કેટના ગ્રાઉન્ડ ફ્લોર ખાતે આવેલ દુકાન નંબર-૯૯ ખાતે અજીબુલહુસેન શેખ નાઓએ તા.૧૮/૦૯/૨૦૨૫ ના રોજ ૨૨ કેરેટમાં ૪૫.૭૮૦ ગ્રામ સોનાનો હાર બનાવવા સારૂ આપેલ હતો. ત્યારબાદ અજીબુલહુસેન શેખ નાઓએ આરોપી કમલેશભાઇને તા.૨૪/૦૯/૨૦૨૫ સાંજના ૪/૦૦ વાગ્યાના સુમારે તેઓ પાસે બાકી લેણુ નીકળતુ ફાઇન સોનુ ૪૩.૬૬૦ ગ્રામ કિંમત રૂપિયા ૫,૫૮,૮૪૮/- મતાનુ પરત માંગતા, કમલેશભાઇએ જણાવેલ કે "મારા પાર્ટનર આ સોનાના બનાવેલ હાર લઇને હૈદરાબાદ બસમાં જતા હતા ત્યારે આ સોનાના હાર ચોરી થઇ ગયેલ છે જે બાબતે મે ફરીયાદ કરેલ છે અને આ સોનુ મળી જશે તો હું તમને ફોન કરીશ તો તમે તમારૂ સોનુ લઇ જજો" તેમ કહી અજીબુલહુસેન શેખને વિશ્વાસમાં લઇ, પોતાનો મોબાઇલ ફોન બંધ કરી દઇ તેમજ તેઓની દુકાન સાત દિવસથી બંધ રાખી, સોનુ પરત નહી આપી અજીબુલહુસેન શેખ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.પી.શ્રીમાળી ચલાવે છે.

**ચોથા માળેથી પડી જતાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૪૫૨/૨૦૨૫**

**શાહીબાગઃ** રાજપાલ નાનજી મીણા (ઉ.વ.૧૮)(રહે. ગામ-શકરકંદ પો-લોદીયા તા-દરીયાવદ જી-પ્રતાપગઢ રાજસ્થાન) તા ૧૩/૧૦/૨૦૨૫ સવારના ૮/૩૦ વાગે સીવીલ ૧૨૦૦ બેડ વિભાગની બાજુમા આવેલ કંસ્ટ્રકશન સાઇટ ઉપર ચોથા માળે મજુરી કામ કરતા હતા ત્યારે સીડીથી નીચે ઉતરતી વખતે સીડીના ગેપમાંથી નીચે પડી જતા માથાના ભાગે ગંભીર ઇજા થતા સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં લાવતા સારવાર દરમ્યાન સવારના ૯/૨૫ વાગે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રીંકલબેન રાજેશભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૪૫૩/૨૦૨૫**

**વસ્ત્રાપુરઃ** પાર્થ લાલજી ઓઝા (ઉ.વ.૩૨)(રહે.સહજાનંદ એપાર્ટમેન્ટ સ્ટર્લિંગ હોસ્પીટલ પાસે મેમનગર) એ અગમ્ય કારણસર તા.૧૪/૧૦/૨૦૨૫ સવારના ૮/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે રૂમની બારીના સળીયા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સોલા સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અનિરૂદ્ધસિંહ બળવંતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી